ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૧૬/૧૮-૧૯/ 5098 તારીખ : 5 NOV 2018

કેસ ન. ૧૧૬/૧૮-૧૯.

પ્રતિ,
મેં. યોગીજી મહારાજ પેટ્રોલિયમ,
મુ. પો. કુકડા,
તા. મુળી, જી. સુરેન્દ્રનગર.
**મો :**

**વિષય : પેટ્રોલ પંપના વીજ કનેક્શનના એસ્ટીમેટ મળવા બાબત.**

**સંદર્ભ** : ૧) આપનો પત્ર તા. નીલ અત્રેની કચેરીને મળ્યા તા. ૨૪.૦૯.૧૮.
૨) બીઝેડ/ફોરમ/૧૧૬/૧૮-૧૯/૪૪૨૨ તા. ૨૦.૦૯.૧૮.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.. 30.૧૦.૧૮. નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ.પી.સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિ:
શ્રી કાર્યપાલક ઈજનેર,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,
વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર. .

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, મુળી.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

P.G.V.C.L. Bhavnagar. Consumer Grievance Redressal Forum

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૧૧૬/૧૮-૧૯</u> ☜

વાદી :– મેં. યોગીજી મહારાજ પેટ્રોલિયમ

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ <u>**રજુઆતની તારીખ**</u>:– ૩૦/૧૦/૨૦૧૮ ◈

હાજર રહયા :– ડોડીયા ભુપેન્દ્રસિંહ ડુંગરભાઈ – પાર્ટનર.

પ્રતિવાદી :– શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

મેં. યોગીજી મહારાજ પેટ્રોલિયમ, મુ.કુકડા, તા. મુંળી ની તેમના નવા પેટ્રોલ પંપના કનેક્શનના **એસ્ટીમેટક્શન** બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : <u>૧૧૬/૧૮-૧૯</u> થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં.બીઝેડ/ ફોરમ/ <u>૧૧૬/૧૮-૧૯</u> /૪૪૨૨ તા.૨૯.૦૯.૧૮ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા. ૩૦.૧૦.૧૮ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદીના પાર્ટનર હાજર રહેલ તથા પ્રતિવાદી શ્રી એ. એચ. તલસાણીયા, કાર્યપાલક ઈજનેરશ્રી, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર. ઉપસ્થિત રહેલ.

☞ <u>**વાદીશ્રીની રજુઆત**</u>:– **ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ મે.યોગીજી મહારાજ પેટ્રોલીયમ મુ-કુકડા દ્રારા તા ૧૦.૦૭.૨૦૧૮ના રોજ મુળી પેટા વિભાગીય કચેરી ખાતે તા ૧૦.૦૭.૨૦૧૮ના રોજ ૧૦.૦ એચ.પી.નું માંગવામા આવેલ છે, જેના અનુસંધાન માંમુળી પેટા વિભાગીય કચેરી દ્રારા ૧૧.૦૭.૨૦૧૮ના રોજ રૂ.૧,૨૮,૪૬૪.૦૦ના રોજ અંદાજપત્ર આપવામાં આવેલ છે,જે વધુ છે તેવી ફરીયાદ કરવામાં આવેલ છે.

☞ <u>**પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,**</u>

૨.૧ સદર બાબતે મે.યોગીજી મહારાજ પેટ્રોલીયમ મુ-કુકડા ને અનુસંધાન નં-૨ થી મુળી પેટા વિભાગીય કચેરી દ્રારા જવાબ રજુ કરવામાં આવેલ છે,જે મુજબ જે મુજબ સદર વીજ કનેકશન ગામતળ ની બહાર માંગવામાં આવેલ છે,તથા આજુબાજુ ખેતીવાડી વિસ્તાર આવેલ છે,જેથી સદર વીજ કનેકશન ને જીયુવીએનએલ ના પરીપત્ર નં-જીયુવીએનએલ ટેક-૨/આરએનઆર/૨૭૧૯ તા ૩૦.૦૧.૨૦૧૭ મુજબ નું અંદાજપત્ર આપવામાં આવેલ છે, જે કંપનીના નિયમ મુજબ નું છે

૨.૨ વધું માં સદર જગ્યાએ હાલમાં ટેમ્પરરી વીજ કનેકશન આપવામા આવેલ છે,જે હાલમાં ચાલુ છે, તેમજ સદર વીજ કનેકશનનું બાધકામ પુર્ણ થઇ ગયા પછી કંપનીના પ્રવર્તમાન નિયમ મુજબનું નવા વીજ જોડાણ ની કાર્યવાહી કરવામાં આવશે,જે આપની જાણ સારું.

P.G.V.C.L.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ **વાદી ડોડીયા ભુપેન્દ્રભાઈ** ડુંગરભાઈએ ગામ કુકડા તા. મુળીમાં તા. ૧૦.૦૭.૧૮ ના રોજ યોગીજી મહારાજ **પેટ્રોલિયમના નામનું** સર્વે નં. ૪૧૨માં ૧૦ એચ.પી.નું વીજ જોડાણ માંગેલ છે.

૩.૨ પ્રતિવાદીએ વાદીને તા. ૧૦.૦૭.૧૮ના રોજ રૂ. ૧,૨૮,૪૬૪/-નું અંદાજપત્ર આપેલ છે. આ અંદાજપત્ર મુજબ જે ચાર્જ બતાવેલ છે. તેમાં નીચે મુજબ ચાર્જ લગાવેલ છે.

| વિગત | સંખ્યા | રકમ રૂ. |
|---|---|---|
| ૦૧. ટેપિંગ પોલ ૧૧ કે.વી. લાઈન | ૦૧ | ૬,૧૭૦/- |
| ૦૬. ૧૧ કેવી લાઈન ૫૫ એમએમાર એ.જી.એ.સી. | ૦.૦૧ | ૨,૫૦૮/- |
| ૧૯. ૩ એચ.પી. ૪ વો. સર્વિસ કનેક્શન (૫-૧૦ એચ.પી) | ૦૧ | ૬,૧૮૦/- |
| સર્વિસ ડીપો. ફોર એમઈસાઈ લોં એન્ડ મીડીયમ વોલ્ટેજ | ૦૧ | ૯,૮૧૬/- |
| ટ્રાન્સફોર્મર ચાર્જીસ | ૦૧ | ૧,૦૩,૭૯૦/- |
| | ટોટલ | ૧,૨૮,૪૬૪/- |

૩.૩ વાદીની રજૂઆત છે કે પ્રતિવાદીએ તેને અંદાજપત્રમાં ફિક્ષ્ ચાર્જ ન બતાવતા લાઈન ચાર્જ બતાવેલ છે માટે વાદીને ફિક્સ ચાર્જ મુજબનું અંદાજપત્ર મળવું જોઈએ.

૩.૪ પ્રતિવાદીએ વાદીને તેના માગ્યા મુજબનું કન્સ્ટ્રક્શન માટેનું ટેમ્પરરી કનેક્શન આપેલ છે.

૩.૫ વાદીને આપવામાં આવેલ અંદાજપત્ર તેને ન ભરપાઈ કરતા હાલ રદ થયેલ છે.

૩.૬ વાદીએ રજુ કરેલ દસ્તાવેજ મુજબ સ.નં. ૪૧૨ જ્યાં વાદીએ વીજ સ્થાપનની માંગણી કરેલ છે તે બિન ખેતી થયેલ છે.

૩.૭ પ્રતિવાદીએ ફોરમ સમક્ષ જીયુવીએનએલ નો પરિપત્ર તા. ૨૮.૦૮.૧૭નો રજુ કરેલ છે અને તે મુજબ વાદી પાસેથી તેના અંદાજપત્રમાં ફિક્સ ચાર્જ ન લેતા લાઈનચાર્જ બતાવેલ છે, તેવું ફોરમને જણાવેલ છે.

૩.૮ જીવીયુંએનએલના પરીપત્ર મુજબ ખેતીની જમીનમાં ૨૪ કલાકનો ફીડરમાંથી વીજ જોડાણ આપવા અંગેનો છે, અને તે પરિપત્રમાં દર્શાવ્યા મુજબ " બિનખેતી કરાવેલ જમીનમાં સમાન પ્રકારની પ્રવુતિ માટે અરજદાર ૨૪ કલાકના વીજ જોડાણ માટે અરજી કરે તો તેમની પાસેથી અગાઉના ધારા ધોરણ અનુસાર ફિક્સ ચાર્જ વસુલવાની નીતિ ચાલુ રાખવાની રહેશે."

૩.૯ GERC ના નોટીફીકેશન નં. ૯/૨૦૦૫ મુજબ ...
LICENSEE'S POWER TO RECOVER EXPENDITURE INCURRED IN PROVIDING SUPPLY AND OTHER MISCELLANEOUS CHARGES, તેમજ નોટી. નં. ૪/૨૦૧૫ ક્લોઝ નં. ૪.33 (૨) મુજબ
" Charges for the above mentioned works to be paid by the applicant in accordance with GERC ( Licenses power to recover expenditure incurred in providing supply and other Misc. Charges).Regulations 2005, and amendments thereof".

૪.૦ પ્રતિવાદીએ જીઈઆરસી ના નોટી.નં. ૯/૨૦૦૫ મુજબ અરજદાર પાસેથી લાઈન ચાર્જ કે ટ્રાન્સફોર્મરની કિમંત વસુલવાની નથી પરંતુ નિયત કરેલ ફિક્સ ચાર્જ વસુલવાનો હોય છે.
આથી વાદીએ આપેલ અંદાજપત્ર ફિક્સચાર્જ મુજબ આપેલ ન હોવાથી પ્રતિવાદીએ વાદીને તેના વીજ જોડાણ માટે ફિક્સચાર્જનું અંદાજપત્ર આપવું જોઈએ.



Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૪.૧ વાદીનું અંદાજપત્ર રદ થયેલ હોવાથી વાદીએ નવી અરજી નોંધણી કરાવી જરૂરી દસ્તાવેજો રજુ કરવા જે મળ્યેથી પ્રતિવાદીએ તારણ નં. ૪.૦ મુજબ ફિક્સ ચાર્જનું અંદાજપત્ર આપવું.

**—:: હુકમ ::—**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો ના આધારે હુકમ કરવામાં આવે કે " તારણ નંબર ૪.૧ મુજબ હુકમ કરવામાં આવે છે."**
- **સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.**

(બી. જે. દવે)
સ્વતંત્ર સભ્યશ્રી

ગેરહાજર
(પી. એચ. માવાણી)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કં.લી.:ભાવનગર.

તારીખ :–૩૦.૧૦.૧૮.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar